સે.મે.સ્ટોર/આર.ટી.આઈ./અપીલ/નં.૧૬
તા. ૦૪/૦૫/૨૦૧૭
ફોન નં.૨૩૬૮૦૪૦ થી ૨૩૬૮૦૪૪
એક્ષ.નં.૧૫૮૭

**<u>આદેશ</u>**

વિષય : આર.ટી.આઈ. એક્ટ–૨૦૦૫ હેઠળ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૨૬/૦૪/૨૦૧૭ ની પ્રથમ અપીલ અરજી બાબત.

સંદર્ભ : નમુના 'ગ' પત્ર નં.સી.એમ.એસ./આઉટ./નં.૧૦૩ તા.૧૭/૦૪/૨૦૧૭

અરજદાર શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ દ્વારા તેમની આર.ટી.આઈ. એક્ટ–૨૦૦૫ હેઠળ તા.૩૧/૦૩/૨૦૧૭ની અરજી અન્વયે માંગેલ માહિતી સી.એમ.એસ./આઉટ./નં.૧૦૩ તા.૧૭/૦૪/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા અત્રેની માહિતી નીલ છે તેમ અરજદારશ્રીને RPAD મારફત જાણ કરવામાં આવેલ. અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજીમાં જણાવેલ છે કે પી.આઈ.ઓ દ્વારા સુરત મહાનગરપાલિકા દ્વારા ફર્નિચર આપવામાં આવેલ છે છતાં માહિતી આપવમાં આવી નથી. જે અપીલ અરજી પ્રથમ અપીલ અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ  સેન્ટ્રલ મેડીકલ સ્ટોરને અત્રેની કચેરીમાં અનુક્રમે ઈનવર્ડ નં ૧૬૦ તા.૨૯/૦૪/૨૦૧૭ના રોજ થી પ્રાપ્ત થયેલ છે.

જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદાર શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ દ્વારા તેમની અરજી આઈ.ડી.નં ૧૧૯૧ તારીખ ૩૧/૦૩/૧૭ ના મુદ્દા નં ૧ થી ૨ થી નાયબ ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી સાઉથ ઝોન(ઉધના) ને અરજી કરેલ છે.

જે અરજી નાયબ ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી સાઉથ ઝોન(ઉધના) દ્વારા જાહેરમાહિતી અધિકારી અને સ્ટોર કિપરશ્રી સેન્ટ્રલ મેડીકલ સ્ટોર, સ્મીમેર, સહારા દરવાજા,  ઉમરવાડા સુરતને નં સી.ઝેડ./આર.ટી.આઈ./આ.–૩૩ તા. ૦૬/૦૪/૧૭ થી આંશિક તબદીલ કરેલ જે અરજી  સેન્ટ્રલ મેડીકલ સ્ટોરને સી.એમ.એસ./ઈન નં./૪૬ તા.૧૧/૦૪/૧૭ના રોજ મળેલ છે.

જાહેર માહિતી અધિકારી અને સ્ટોરકીપર સેન્ટ્રલ મેડીકલ સ્ટોર તરફથી અરજદારશ્રીને સમય અવધિમાં દફતરી રેકર્ડ આધારિત પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે તેમ છતાં અરજદારશ્રી તેની નારાજગી અંગે જાહેર માહિતી અધિકારી અને સ્ટોરકીપર સેન્ટ્રલ મેડીકલ સ્ટોરનો સંપર્ક કરી આગોતરો સમય મેળવી વિના મુલ્યે દફતરી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા સ્વતંત્ર છે.

# હુકમ

અરજદારશ્રીને દફતરી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી અંગે તારીખ અને સમય ફાળવી વિના મુલ્યે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સ્ટોરકીપર સેન્ટ્રલ મેડીકલ સ્ટોરને હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમથી અસંતોષ હોય તો અરજદાર ૯૦ (નેવું) દિવસની અંદર અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓલ બ્લોક નં. ૧, ૨જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં બીજી અપીલ કરી શકે છે.

SD/-

સે.મે.સ્ટોર/આર.ટી.આઈ./૨૦૯
તા. ૦૫/૦૫/૨૦૧૭

(રેણુકા આર. પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને
એકઝીકયુટીવ આસીસ્ટન્ટ સેન્ટ્રલ મેડીકલ સ્ટોર

પ્રતિ,
શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ,

ન.રવાના : પર્સોનેલ ઓફિસરશ્રી સાઉથ ઝોન (ઉધના) સુરત મહાનગર પાલિકા પ્રતિ...., જાણ માટે.
ન.રવાના : જાહેર માહિતી અધિકારી અને સ્ટોરકીપર સેન્ટ્રલ મેડીકલ સ્ટોર પ્રતિ.... જાણ તથા તાકીદે અમલ સારૂ.